ઔદ્યોગિક તાલીમ સંસ્થા શરૂ કરવા દાતાશ્રીઓ તરફથી દાનમાં મળનાર જમીન અથવા મશીનરી કે નાણાં બાબતે નીતિ નક્કી કરવા અંગે......

ગુજરાત સરકાર,
શ્રમ અને રોજગાર વિભાગ,
**ઠરાવ ક્રમાંક : તલમ/૧૨૨૦૧૪/૭૯૭૩૯૩/ર(ર)**
સચિવાલય,ગાંધીનગર.
તા. [illegible] 2014

<u>વંચાણે લીધા:-</u>

(૧) આયુક્તશ્રી, રોજગાર અને તાલીમની કચેરીની તા.૧૫/૧૨/૨૦૧૩ની દરખાસ્ત ક્રમાંક::KVK/142014/ 14005/ kvk
(૨) ડી.જી.ઇ.ટી.નવી દિલ્હીના તા.૦૯/૧૨/૨003ના પત્રક્રમાંક: DGE&T/ 19/05/ 2003/CD/PT/3
(૩) આ વિભાગનો તા.૨૪/૦૧/૧૯૯૨નો ઠરાવ ક્રમાંક:- તલમ/૧૦૮૪/૬૩૧૧/ર-ર

આમુખ :-

વંચાણે લીધેલ ક્રમાંક-૧ના પત્રથી આયુક્તશ્રી, રોજગાર અને તાલીમની કચેરીએ દાતાઓ દ્વારા નવી ઔદ્યોગિક તાલીમ સંસ્થા અને ચાલુ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં નવીનીકરણ કરવા માટે જે દાન આપવામાં આવે છે, તે દાનના સ્વીકાર સંબંધિત નોર્મ્સમાં સુધારો કરવા દરખાસ્ત કરેલ છે. હાલ આઇ.ટી.આઇ. માટે દાન બાબતે આ શાખાના તા.<u>૨૪/૦૧/૧૯૯૨</u> ના ઠરાવ મુજબના નોર્મ્સ અમલમાં છે.

રાજ્યના દિન પ્રતિદિન થતા વિકાસને ધ્યાને લઇ, વિવિધ કૌશલ્ય ધરાવતી માનવશક્તિની રાજ્યને જરૂરિયાત છે આ માટે રાજ્યના યુવાનોને તાલીમબધ્ધ કરવાની યોજનાને નક્કર સ્વરૂપ આપવા માટે તથા રાજ્યના યુવાનોને તાલીમ આપી રોજગારી સર્જન કરવાના આશયથી રાજ્યમાં દરેક તાલુકામાં ઓછામાં ઓછી એક આઇ.ટી.આઇ.શરૂ કરવામાં આવેલ છે..

રાજ્યના આર્થિક રીતે સક્ષમ નિવાસી અને ભારત બહારના નિવાસી પોતાના વતન સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા છે. આ માટે વ્યક્તિ, /સંસ્થા /ટ્રસ્ટ દ્વારા વતન માટે રોકડ, જમીન અને મકાન ઇત્યાદી રૂપે સહાય કરવાની તૈયારી દર્શાવે છે. રાજ્યના વિકાસમાં અને યુવાનો માટેની તકનીકી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે દાતાઓનો સહયોગ આવે છે. સામાન્યતયા વ્યક્તિગત રીતે અને ધંધાદારી કંપનીઓ દ્વારા નામાભિધાનની શરતે દાન આપવા માટે દરખાસ્ત આવતી હોય છે. દાતાઓ વ્યવસાયલક્ષી અને રોજગાર આપતી તાલીમ આપતી સંસ્થા માટે દાન માટે પ્રોત્સાહિત થાય અને દાતાશ્રીઓની ભાવનાને યોગ્ય ન્યાય મળે તે માટે જૂના ઠરાવમાં ફેરફાર કરી માર્ગદર્શક સિધ્ધાંતો(નોર્મ્સ) પુનઃ નિયત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. તેથી સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમાંક-૨ના Director General of Employment & Training

ડી.જી.ઇ.ટી.નવી દિલ્હીના તા.૦૯/૧૨/૨૦૦૩ના પત્રક્રમાંક: DGE&T/ 19/05/ 2003/CD/PT/3માં દર્શાવેલ એક આઇ.ટી.આઇ. માટે જમીનની જરૂરિયાત અને જગ્યા માટેના નોર્મ્સ નિયત કરેલ છે.આ નોર્મ્સને આધારે જરૂરી સુધારા મુજબ નવો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ઠરાવ :-

**DGE&T New Delhi એ એક આઇ.ટી.આઇ. માટે નિયત કરેલ જમીનના નોર્મ્સ.**

| ITI- Shift ની બેઠક ક્ષમતા | સ્ટાફ કવાર્ટસ અને હોસ્ટેલ વગર આઇ.ટી.આઇ. માટે નિયત જમીન જરૂરિયાત | સ્ટાફ કવાર્ટસ અને હોસ્ટેલ માટે વધારાની જમીનની જરૂરિયાત |
|---|---|---|
| ૨૦૦ અથવા તેથી ઓછા તાલીમાર્થીધરાવતી આઇ.ટી.આઇ. | સંસ્થાની જરૂરિયાત મુજબ નિયત કરેલ જમીન | |
| ૨૦૧ થી ૫૦૦ તાલીમાર્થી ધરાવતી આઇ.ટી.આઇ. | ૧.૫ એકર મેટ્રો/શહેર/નગર માટે અને ગ્રામ્ય માટે ૨.૦ એકર જમીન | ૦.૫ એકર મેટ્રો/શહેર/નગર માટે અને ગ્રામ્ય માટે ૧.૦ એકર જમીન |
| ૫૦૧ થી ૧૦૦૦ તાલીમાર્થી ધરાવતી આઇ.ટી.આઇ. | ૨.૦ એકર મેટ્રો/શહેરી/નગર માટે અને ગ્રામ્ય માટે ૨.૫ એકર જમીન | દરેક જગ્યા માટે ૧.૫ એકર જમીન |
| ૧૦૦૧ થી વધારે તાલીમાર્થી ધરાવતી આઇ.ટી.આઇ. | ૩.૦ એકર મેટ્રો/શહેરી/નગર માટે અને ગ્રામ્ય માટે ૫.૦ એકર જમીન | સ્થાનિક જરૂરિયાત અને નિયમ મુજબ |

(૧) "જો કોઇ દાતા ઉક્ત ડી.જી.ઇ.ટી.નવી દિલ્હીના નોર્મ્સ મુજબ આઇ.ટી.આઇ.માટે જમીન આપે તથા તે જમીન પર આઇ.ટી.આઇ. ના બાંધકામ માટે થનાર ખર્ચની રકમના ૧૦% જેટલી રકમનું દાન આપે, તો તે સંસ્થા ની સાથે દાતાનું નામ અથવા દાતા ઇચ્છે તે વ્યક્તિનું નામ જોડવાની મંજૂરી આપી શકાય.'

(૨) "જો કોઇ દાતા સરકારી જમીન પર સંપૂર્ણ સુવિધાયુક્ત આઇ.ટી.આઇ. ના મકાનનું બાંધકામ કરી આપે તો તે સંસ્થા ની સાથે તે દાતાનું નામ અથવા દાતા ઇચ્છે તે વ્યક્તિનું નામ જોડવાની મંજૂરી આપી શકાય.'

(3) "જો કોઇ દાતા માત્ર કોઇ ટ્રેડ/વ્યવસાય માટે કાર્યશાળાનું બાંધકામ કરી આપે તો તે બાબતનો ઉલ્લેખ કરતી દાતાના નામની તક્તી કાર્યશાળાના મુખ્ય દરવાજા પર મુકવાની મંજૂરી આપી શકાય.'

(૪) કોઇ પણ દાતા તરફથી દાનમાં મળેલ જગ્યાની માલિકી, સરકારશ્રીને તે જમીન દાનમાં મળ્યા બાદ સરકારશ્રીની રહેશે અને તે અંગે સરકારી રેકર્ડમાં તે જમીન/મકાન/મીલકત ચડાવવાની રહેશે.

(૫) ભવિષ્યમાં દાનમાં આપવામાં આવેલ જમીન/મકાન/મીલકત અને મશીનરી / ઇક્વીપમેન્ટ દાન આપનાર દાતાશ્રીના વાલી/વારસો પરત માંગી શકશે નહિં.

C-23

(૬) કોઇ પણ આઇ.ટી.આઇ. માટે કોઇ પણ રકમ દાનમાં મળે અને તેના દ્વારા જે કોઇ સાધન-સામગ્રી ખરીદી કરવામાં આવે અથવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવે તો તેની માલિકી સરકારશ્રીની રહેશે.

(૭) ભારત સરકારનાં નાણાં મંત્રાલયના Notification No. 11320/ F.No.38/FB/200TPL, Dated 6/4/2000થી ઇન્કમટેક્ષ એક્ટ ૧૯૬૧ (૪૩ ઓફ ૧૯૬૧) ની કલમ-11( K)ના રૂલ્સ 59 (O) અનુસાર પાંચ લાખથી ઓછી વસતી ધરાવતાં, ગ્રામ્ય અને સેમી-શહેરી વિસ્તારની Vocational Training (આઇ.ટી.આઇ.) માટે દાન આપનારને ઇન્કમટેક્ષમાંથી રાહત મળવાપાત્ર થાય છે.તે સંબંધે તથા પ્રવર્તમાન RULES & REGULATIONS બાબતે સંબંધિત પ્રાદેશિક નાયબ નિયામકશ્રી, તાલીમની કચેરી એ દાતાને માર્ગદર્શન આપી, સંબંધિત કાર્યવાહીમાં સહયોગ આપવાનો રહેશે.

વધુમાં, દાતા વિશેષ દાન આપવા ઇચ્છે તો તેનો સ્વીકાર કરી ઠરાવની જોગવાઇ ઓના આધારે કાર્યવાહી કરવાની રહેશે. કોઇ સ્થળે સરકારી આઇ.ટી.આઇ. શરૂ કરવા માટે જુદા-જુદા પરિબળો ધ્યાનમાં લઇને આવી સરકારી આઇ.ટી.આઇ. શરૂ કરવાનું ખરેખર જરૂર છે કે કેમ? અને તે માટેની અન્ય નાણાંકીય જોગવાઇ થઇ શકે તેમ છે કે કેમ? તે મુદાઓ પ્રથમ ધ્યાનમાં રાખીને જ જે તે સ્થળે ઔદ્યોગિક તાલીમ સંસ્થા માટે દાન મળવા પાત્ર હોય તો સ્વીકારવાનો સિધ્ધાંત અપનાવવાનો રહેશે. .

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૯/૧૦/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જે.બી.પટેલ)
ઉપ.સચિવ (રોજગાર)
શ્રમ અને રોજગાર વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર ના અંગત સચિવશ્રી
૨. માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી શ્રમ અને રોજગાર ના અંગત સચિવશ્રી
૩. આયુક્તશ્રી,રોજગાર અને તાલીમ, ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૪. મહાલેખાકારશ્રી, અમદાવાદ /રાજકોટ
૫. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
૬. પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ / ગાંધીનગર.
૭. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૮. ર.૧ શાખા, શ્રમ અને રોજગાર વિભાગ.
૯. સિલેક્ટ ફાઇલ / ર (૨) શાખા.
૧૦. નાયબ સેક્શન અધિકારીશ્રી / સિલેક્ટ ફાઇલ.